## ચિહ્નો અને લક્ષણો

### મેનિન્જાઈટિસ (Meningitis):

- તાવ
- ખૂબજ ખરાબ માથાનો દુખાવો
- ઊલટી
- અક્કડ ગરદન
- તેજસ્વી પ્રકાશનો અણગમો
- ફોલ્લીઓ
- મૂંઝવણ,
- તીવ્ર નિંદ્રા, ચેતના ગુમાવવી
- મૂર્છાઓ

### સેપ્ટિસેમિઆ (Septicaemia) કે લોહીમાં ઝેરી કીટાણુઓની ઉત્પતિ:

- તાવ અને ધ્રુજારી
- ઊલટી
- સખત પીડા અને અંગો અને સાંધામાં દુખાવો
- ખૂબજ ઠંડા હાથ અને પગ
- નિસ્તેજ (અથવા કાબરચીતરી- ટપકાંવાળી ત્વચા)
- ઝડપી શ્વાસોચ્છશ્વાસ
- ઝાડા અને પેટમાં ખેંચાણ
- લાલ અથવા જાંબલી રંગના 'ઉઝરડા' અથવા ડાઘાવાળી ફોલ્લીઓ કે જે દબાણ હેઠળ ઝાંખી ન પડે – પાછળ દર્શાવેલા કાચની પરીક્ષણ કરો. કાળી ત્વચા પર, પાપણો અથવા મોઢાની છતની અંદર તપાસ કરો કે જયાં ફોલ્લીઓ વધારે જોઈ શકાય
- ચાલવા અથવા ઊભા રહેવામાં મુશ્કેલી
- તીવ્ર ઊંઘ, ચેતના ગુમાવવી

**દરેકેદરેકને આ લક્ષણો વિકસિત થતા નથી – તે કોઈ પણ ક્રમમાં દેખાય શકે અને બે બીમારીઓ વચ્ચે મિશ્ર થઈ શકે. જો તમને અથવા કોઈ એક મિત્રમાં ફિકર- ચિંતાના લક્ષણો જણાય અથવા ઝડપથી ખરાબ થતી સ્થિતિ હોય તો વહેલાસર તબીબી સલાહ લેવાનો પ્રયત્ન કરવો તે મહત્વપૂર્ણ છે.**

**ખાતરી કરો કે તમે, તમારા પરિવાર અને તમારા મિત્રો એકબીજા માટે ધ્યાન રાખતા હોય અને કોઈ વ્યક્તિ જાણતી હોય કે તમે અસ્વસ્થ છો જેથી તેઓ તમારા પર નજર રાખી શકે. આ જીવન બચાવી શકે!**

### વધારે માહિતી માટે સંપર્ક કરો:

**મેનિન્જાઈટિસ (Meningitis) રિસર્ચ ફાઉન્ડેશન**
મફત હેલ્પલાઈન 0808 80 03 344
www.meningitis.org

**મેનિન્જાઈટિસ (Meningitis) નાઉ**
24 કલાક હેલ્પલાઈન
0808 80 10 388
www.meningitisnow.org

**ઉપયોગી લિન્કસ કે જોડાણો:**

- www.nhs.uk/conditions/meningitis
- www.nhs.uk/vaccinations
- www.nhs.uk/conditions/vaccinations/men-acwy-vaccine

UK Health Security Agency

NHS

© Crown copyright 2023
Product code IM23DISL1GU Gujarati. 1P 30k AUG 2023 (APS).
UK Health Security Agency gateway number: 2023-370

આ પત્રિકા અંધલિપિ, સરળ વાંચન, સરળ ટેક્સ્ટ, ઓડિઓ, BSL વિડિઓ અને 28 ભાષાઓમાં અનુવાદિત તરીકે મળી રહે છે. કૃપા કરી મુલાકાત લો **www.healthpublications.gov.uk** આજે તમારી નકલો ઓર્ડર કરવા માટે અથવા 0300 123 1002 પર કોલ કરો

UK Health Security Agency

NHS

# મેનિન્જાઈટિસ (Meningitis) અને સેપ્ટિસેમિઆ (septicaemia)

## ચિહ્નોની અવગણના કરશો નહિ




immunisation
the safest way to protect your health

## સાવચેત રહો, તૈયાર રહો

મેનિન્ગોકોકલ (Meningococcal) મેનિન્જાઈટિસ (મગજ અને કરોડરજ્જુ આવરણ ત્વચાનો સોજો) અને સેપ્ટિસેમિઆ (septicaemia) (લોહીમાં ઝેર) એ ભાગ્યેજ થાય છે પણ ગંભીર રોગો છે કે જે લોકોના મૃત્યુ અથવા લોકોના જીવન બદલી નાખતી વિકલાંગતાઓ અને આરોગ્ય સમસ્યાઓ કરી શકે. મેનિન્જાઈટિસ અને સેપ્ટિસેમિઆ બન્ને સેપ્સિસ (sepsis) તરફ દોરી શકે.

**કિશોરો, અને ખાસ કરીને યુનિર્વસિટિના વિદ્યાર્થીઓ, વધારે જોખમમાં હોય છે** . પણ તમે તમારી મફત MenACWY રસી મેળવીને ચાર પ્રકારના મેનિન્ગોકોકલ રોગ સામે તમારી જાતને સુરક્ષિત કરી શકો.

## MenACWY રસી સાથે તમારી જાતને સુરક્ષિત કરો

સપ્ટેમ્બર 1996 ના સમયથી જન્મેલા યૂકેના (UK) કિશોરો અને યુવાન પુખ્તવયનાઓને શાળામાં હોય ત્યારે MenACWY રસી આપવામાં આવી હશે પણ તેઓ તેમના 25મા જન્મદિવસ સુધી લાયક રહેશે. પ્રથમ વખત યૂકેની (UK) યુનિર્વસિટિમાં પ્રવેશતા વિદેશી વિદ્યાર્થીઓ કે જેઓએ MenACWY રસી લીધી ન હોય તેઓ પણ તેમના 25મા જન્મદિવસ સુધી પાત્ર રહે છે. જો તમે આમાંના કોઇ એક જૂથોમાં અનુકૂળ રહો અને હજી સુધી રસી લીધી ન હોય તો તમારી જીપી (GP) પ્રેક્ટિસ સાથે હમણાં એપોઈન્ટમેન્ટ બુક કરાવો. જો તમને ખાતરી ન હોય તો તમારી જીપી (GP) પ્રેક્ટિસ સાથે આની ચર્ચા કરો.

MenACWY રસી મેનિન્ગોકોકલ મેનિન્જાઈટિસ અને સેપ્ટિસેમિઆ અટકાવવામાં ખૂબજ અસરકારક છે, જે MenA, MenC, MenW અને MenY દ્વારા થાય છે.

પણ યાદ રાખો કે આ **રસી મેનિન્જાઈટિસ (meningitis) અને સેપ્ટિસેમિઆ (septicaemia) બધા સ્વરૂપોને અટકાવી શકતી નથી.** તેથી તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તમે ચિહ્નો અને લક્ષણો વિશે જાગૃત છો.

**જે કોઈ પણ વ્યક્તિ કે જેઓ સ્વસ્થ ન હોય તેની નિયમિત તપાસ કરો, તમે જીવન બચાવી શકો**

**મેનિન્જાઈટિસ અને સેપ્ટિસેમિઆના ચિહ્નો અને લક્ષણો જાણો**





### કાચની કસોટી

ફોલ્લીઓની સામે કાચની બાજુને મજબૂતથી દબાવો જેથી તમે જોઈ શકો કે તે દબાણમાં ઝાંખી થાય છે કે નહિ. જો તે ઝાંખી ન થાય તો, તાત્કાલિક તબીબી મદદ મેળવો. જો તમે ખૂબ માંદગી અનુભવતા હો તો, કોઈ પણ રીતે મદદ મેળવો, પછી ભલેને ફોલ્લીઓ ઝાંખી થઇ જાય અથવા બિલકુલ દેખાતી ન હોય.

## ચિહ્નો અને લક્ષણો શું છે?

ઘણા પ્રારંભિક ચિહ્નો - ઊલટી, તાવ, દુઃખાવો, સામાન્ય થાક અને માથાનો દુખાવો – શરદી અને ફ્લૂ જેવી ઓછી ગંભીર બીમારીઓના પણ ચિહ્નો હોય છે. પણ મેનિન્જાઈટિસ અથવા સેપ્ટિસેમિઆ કોઇ વ્યક્તિ સામાન્ય રીતે કલાકોમાં ગંભીર રીતે બીમાર થઇ જાય છે.

આ જ કારણ છે કે કોઇ વ્યક્તિ કે જેઓ બીમાર છે તેની તપાસ કરતા રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે જેથી તમે જાણી શકો કે શું તેઓ ઝડપથી ખરાબ થઇ રહ્યા છે અને ચિહ્નો અને લક્ષણો જોવાનું ચાલુ રાખો. જો તમે તેમના અથવા તમારા પોતાના સ્વાસ્થ્ય વિષે ચિંતિત બનો તો તાકીદે તબીબી મદદ મેળવવાનો પ્રયત્ન કરો.

ઠંડા હાથ અને પગ, તીવ્ર અંગમાં દરદ અને ફીકી અને ડાઘવાળી ત્વચાની તપાસ કરવી પણ તે મહત્વપૂર્ણ છે, કારણ કે આ માંદગીની શરૂઆતમાં વિકસિત થવાનું વલણ ધરાવે છે. ફોલ્લીઓ કે જે ઝાંખી થતી નથી (સામે બતાવેલ કાચનો ટેસ્ટ કરો), મૂંઝવણમાં અથવા ચિત્તભ્રમિત થવું, અથવા જાગવા માટે ખૂબ નિંદ્રાધીન હોવું જેવા લક્ષણો ખૂબ જ ગંભીર હોય છે.

## મેનિન્જાઈટિસ કેવી રીતે ફેલાય છે?

બેક્ટેરિયા કે જે આ રોગોનું કારણ બને છે તે સામાન્ય રીતે નજીકના અથવા લાંબા ગાળાના સંપર્ક દ્વારા ફેલાય છે. મોટા ભાગના કિસ્સાઓ વ્યક્તિગત રીતે બને છે પણ રોગચાળો ફાટી નીકળવાની ઘટનાઓ કેટલીક વખત શાળાઓમાં અથવા જયાં લોકો રહેવાની જગ્યા શેર કરતા હોય, જેમ કે યુનિવર્સિટિ હોલ ત્યાં થતી હોય છે.

**તમારી જીપી પ્રેક્ટિસ પર તમારી MenACWY રસી લો. અમુક વિસ્તારોમાં તે તમારી ફાર્મસિમાં ઉપલબ્ધ હોઈ શકે.**